सुरत जील्लानी भुगोळना

प्रश्नोत्तर

ભુગોળની વ્યાખ્યા સાથે

ગુજરાતી બીજા ધોરણના વિદ્યાર્થીઓને
ખાનગી શીખવા સારૂ.

લલ્લુભાઈ જમનાદાસે

છપાવી પ્રસિદ્ધ કરી.
આવૃત્તિ બીજી

અમદાવાદ મધ્યે
મામાની હવેલીમાં યુ॰ પ્રી॰ અને જનરલ એજ-
ન્સી કંપની (લિમિટેડ) ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સને ૧૮૭૮ —— સંવત ૧૯૩૪

કીમત દોઢ આનો.

સુરત જીલ્લો.

સ—છોકરાઓ આવો તમને સુરત જીલ્લાની ભૂગોળ શીખવું, બોલો તો સુરત જીલ્લો કયાં આવ્યો છે ?

જ—સુરત જીલ્લો એ ગુજરાત પ્રાંતમાં બધા જીલ્લા કરતાં છેક દક્ષિણે આવેલો છે.

સ—સુરત જીલ્લાની ચારે દિશાએ શું શું આવ્યું છે ?

જ—ઉત્તરે કીમ નદી તથા ભરૂચ જીલ્લો; દક્ષિણે દમણ ગંગા નદી, તથા થાણા જીલ્લો; પૂર્વે વડોદરા તથા રાજપીપળાનું સંસ્થાન, ને ગાયકવાડ, વાંસદા, તથા ધરમપોરના રાજાનો મૂલક; પશ્ચિમે ખંભાતનું અખાત, તથા આરબી સમુદ્ર છે.

સ—સુરત જીલ્લામાં નદીઓ તથા ખાડીઓ કઈ કઈ આવી છે તે બોલો, અને તે દરએક પર કયા કયા કસબા તથા ગામો આવેલાછે તેના પણ નામ દો ?

જ—કીમ નદી ઉપર—ઇલાવ, કઠોદરા.

સીના નદી ઉપર—ભગવા, ઓરપાડ.

તેના ખાડી—વારવા, તેના, ઇચ્છાપોર.

તાપી નદી—સુરત, રાંદેર, વરીઆવ, વેરા કઠોર, કામરેજ, બહુધાન, કડોદ, માંડવી.

મીંઢોળા નદી—સરોલી, બારડોલી, ને વીઆરા.

પુરણા નદી,—જલાલપોર, નવસારી, મહુવા, વાલોડ, બુહારી, અંતાપોર.

અંબીકા નદી—બીલીમોરા, કછોલી, ઉનાઈ.

કાવેરી નદી—ચીખલી.

ઔરંગા નદી—વલસાડ.

પારનદી—બગોદ, હરીઆ, ઉમરસાડી, બાલદા, પારડી,
  પરીઆલી અથવા કોથલ ખાડી—પલસાણા.

કોલક નદી—કોલક, બગવાડા, ગુકવાડા.

દમ્મણ ગંગા નદી—દમ્મણ.

સ—સુરત જીલ્લામાં સૌથી મોટી નદી કઈ, ને તે ક્યાંથી નિકળીને કોને મળે છે ?

જ—સૌથી મોટી નદી તાપી, તે સાતપુડાના પાહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે, કીમ નદી એથી ઘણી નાની છે પણ ચોમાસામાં એમાં ઘણું પુર આવેછે, તે રાજપીપળામાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

સ—સુરત જીલ્લામાં ડુંગરો ક્યા ક્યા આવ્યા છે ?

જ—એમાં એક મોટો ડુંગર વલસાડ પ્રગણામાં પારનેરાનો છે તે શીવાય બીજા જાણવા લાયક એ જીલ્લામાં ડુંગરો નથી

સ—સુરત જીલ્લામાં રેલવે ક્યા ક્યા પ્રગણામાં આવ્યો છે ?

જ—ઓરપાડ, ચોરાસી, જલાલપોર, વલસાડ, ને પારનેરા.

સ—એ જીલ્લામાં આગ ગાડીના રેલવેના સ્ટેશનો ક્યાં ક્યાં આવ્યા છે ?

જ—એ જીલ્લામાં મોટા સ્ટેશનો ગાયકવાડી ગામના મળી કુલ ૧૫ છે, તેનાં નામ; કીમ, સાયન, અમરોલી, સુરત, સચીન, મરોલી, નવસારી, અમલસાડ, બીલીમોરા, ડુંગરી, વલસાડ, હરીઆ, પારડી, ઉદવાડા, ને વાપી.

સ—સુરત જીલ્લામાં વસ્તી કેટલા માણસની છે

જ—ગાયકવાડી ગામ શીવાય એ જીલ્લાની વસ્તી ૬,૦૭,૦૮૭ માણસની છે.

સ—એ જીલ્લામાં પારસી લોકોની વસ્તી ઘણી ખરી કયા કયા ગામો તથા કસબામાં છે?

જ—મોરા, સુંહાલી, ભાઠું, અડાજણ, રાંદેર, સુરત, નવસારી, ગણદેવી, બીલીમોરા, વલસાડ, ને ઉદવાડા.

સ—સુરત જીલ્લામાં મોટા ગાયકવાડી કસબા તથા માહાલો કયા આવ્યા છે?

જ—વસ્વારી, ગાલા, વરીઆવ, કામરેજ, ટીંબા, બલેશ્વર, મરોલી, તેલારા, મહુવા, નવસારી, ગણદેવી, બીલીમોરા અનાવળ, અંતાપુર, વલવાડા, વીઆરા વગેરે.

સ—સુરત જીલ્લામાં દેશી રાજ્યો કયા કયા, અને કયાં આવ્યાછે,

જ—એમાં દેશી રાજ્યો સચીન, વાંસદા, ને ધરમપોર એવા ત્રણ સંસ્થાનનાછે, સચીન સંસ્થાન ચોરાસી પ્રગાણાની હદમાં વાંસદા સંસ્થાન ચીખલી પ્રગણાની પૂર્વે, ને ધરમપોર સંસ્થાન વલસાડ પ્રગણાની પૂર્વે છે.

સ—સુરત જીલ્લાના કયા કયા ગામોમાં જાત્રા ભરાયછે ?

જ—સરસ, મોરા, ફુલપાડા, કતારગામ, બહુધાન, દેવકી ઉનાઈ, ને કુંતા.

સ—સુરત જીલ્લામાં મીઠ બંદરો કયા કયા ગામોમાં આવેલા છે?

જ—એ જીલ્લામાં મીઠ બંદર કુંડીઆણા, જીઆવ બુડીઆ મનાર છરવાડ વગેરે ગામોમાં આવેલા છે. પણ તે બધાને હાલમાં બંધ કીધા છે.

સ—સુરત જીલ્લામાં બંદરની માફક કયા કયા ગામો વેપારને

સારૂ કામમાં આવે છે?

જ—ભગવા, દાંડી, રાંદેર, સુરત, વલસાડ, ઉમરસાડી, કોલક, ને દમ્મણ.

સ—સુરત જીલ્લામાં મોટી અંગ્રેજી નિશાળો ક્યાં ક્યાં આવી છે?

જ—સુરત, નવસારી, ગણદેવી, ને વલસાડ.

સ—સુરત જીલ્લામાં મુખ્ય પાક શાનો થાય છે?

જ—ડાંગર, કપાસ, જુવાર, ઘઊં, બાજરી, ને શેરડી.

સ—સુરત જીલ્લામાં કેટલાં પ્રગણા આવ્યાછે તેના નામ દો ?

જ—આઠ પ્રગણા છે, તેમનાં નામ નીચે મુજબ.

૧ ઓરપાડ. ૩ માંડવી. ૫ જલાલપોર. ૭ વલસાડ.

૨ ચોરાસી. ૪ બારડોલી. ૬ ચીખલી. ૮ પારડી.

સ—ખરી વાત, હવે એ દરએક પ્રગણા વિશે નિગતવાર તમારે જાણવું જોઈએ, માટે બોલો સુરત જીલ્લામાં સૌથી ઉત્તરે કયું પ્રગણુ આવ્યુંછે ને તે કયા કયા પ્રગણા મળી થયલુંછે?

જ—ઓરપાડ પ્રગણું, તે ઓરપાડ તથા આગલું કુડસદ એ બે પ્રગણા મળીને થયલુંછે.

સ—ઓરપાડ પ્રગણાની આસપાસ શું શું આવેલું છે ?

જ—ઉત્તરે કીમ નદી, તથા અંકલેસ્વર પ્રગણું; પૂર્વે ગાયકવાડી ગાલા તથા તેની પેલી મેર માંડવી પ્રગણું; દક્ષિણે તાપી નદી તથા ચોરાસી પ્રગણું; ને પશ્ચિમે ખંભાતનું અખાત છે.

સ—ઓરપાડ પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી છે?

જ—એમાં ઉત્તરે કીમ નદી, તથા દક્ષિણે તાપી નદી, તથા ત્રીજી સેના નદી ઓરપાડ આગળ, ને ચોથી તેના ખાડી ઇચ્છાપોર ગામ આગળ છે.

સ—ઓરપાડ પ્રગણામાં મુખ્ય કસબા કયા કયા આવ્યા છે?

જ—ઓરપાડ ને કુડસદ.

સ—ઓરપાડ કસબામાં કેટલા માણસની વસ્તી છે, ને તેમાં કોણ કોણ રેહેછે, ને જાણવા લાયક બીજું તેમાં શું છે ?

જ—એ કસબામાં આસરે ૩૫૦૦ માણસની વસ્તીછે, ને તેમાં એક મામલતદાર તથા ફોજદાર રેહે છે, તથા એક મોટી તાલુકા સ્કુલ, પુસ્તકશાળા, ને પોષ્ટ આફીસ, તથા એક મોટું જોવાલાયક તળાવ પણ છે.

સ—ઓરપાડ પ્રગણાના મોટા ગામના નામ દો ?

જ—ભગવા, દાંડી, સરસ, કુડીઆણા, મોરા, સુહાલી, ઇચ્છાપોર, અડાજણ, કોસાડ, અમરોલી, ને વરાછા.

સ—એ પ્રગણાના સરસ, ને મોરા ગામ શાને વાસ્તે નામીચાંછે?

જ—સરસ ગામમાં સિદ્ધનાથ માહાદેવનું મોટું દેરૂં છે તેથી ત્યાં વરસો વરસ માગસર સુદ અગીઆરસે જાત્રા ભરાયછે, તેમજ મોરા ગામમાં એક મોટો કુવોછે તેથી ત્યાં વરસો વરસ માગસરે વદ ચઉદસે જાત્રા ભરાયછે, તેથી એ બંનો ગામ નામીચાં છે.

સ—ઓરપાડ પ્રગણામાં મીઠ બંદર કયાંછે ને તેમાં કોણ રેહેછે?

જ—એમાં મીઠ બંદર કુડીઆણામાં છે ત્યાં એક સરકારકુન રેહેછે.

સ—ઓરપાડ પ્રગાણામાં રેલવેના સ્ટેશનો કયા આવ્યાછે ?

જ—ત્રણછે; કીમ (ભુત બંગલો,) સાયન, ને અમરોલી.

સ—ઓરપાડ પ્રગણાની મુખ્ય પેદાશ શું થાય છે ?

જ—જુવાર, ઘઉં, ને કપાસ.

સ—ઓરપાડ પ્રગણાની દક્ષિણે જતાં કયું પ્રગણું આવે ?

જ—ચોરાસી પ્રગણું.

સ—ચોરાસી પ્રગણાનું નામ શા ઉપરથી પડેલું છે ?

જ—એ પ્રગણામાં અસલ ૮૪ ગામ હતા તે ઉપરથી; હાલ તો એમાંના કેટલાક ગામ ગાયકવાડ તથા નવાબી ગામમાં જુદાં પાડેલાંછે, તેથી ફક્ત ૬૪ ગામ એમાં હાલ છે.

સ—ચોરાસી પ્રગણાની ચારે દિશાએ શું શું આવેલું છે ?

જ—ઉત્તરે તાપી નદી તથા ઓરપાડ પ્રગણું; પુર્વે ગાયકવાડી બલેશ્વર તથા કામરેજ પ્રગણાના ગામો; દક્ષિણે મીંઢોળા નદી તથા ગાયકવાડી મરોલી પ્રગણું; ને પશ્ચિમે ખંભાતનું અખાત તથા ઓરપાડ પ્રગણું.

સ—ચોરાસી પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી ?

જ—એમાં તાપી ને મીંઢોળા એ બે નદી છે; તાપી નદી ઉત્તરે ને મીંઢોળા નદી દક્ષિણે છે.

સ—ચોરાસી પ્રગણાનું મુખ્ય શેહેર ક્યું, ને તેમાં કેટલા માણસની વસ્તી છે ?

જ—મુખ્ય શેહેર સુરત, તેમાં ૧,૦૭,૧૪૯ માણસની વસ્તી છે ને બીજું નાનું શેહેર રાંદેર તેમાં આસરે ૧૦૨૮૦ માણસની વસ્તી છે.

સ—સુરત શેહેરનું નામ શા ઉપરથી પડ્યું ?

જ—કોઈ સુરતા નામની સ્ત્રી ઉપરથી પડ્યું.

સ—સુરત શેહેર આગળ કેવી હાલતમાં હતું, અને ત્યાર પછી તેને ધાકો કેમ પોહોંચ્યો ?

જ—એ શેહેર આગળ ઘણું મોટું પૈસાવાળું હતું, એમાં વેપાર ઘણો સારો ચાલતો, અને પૈસાદાર લોકો બહુ રેહેતા હતા પણ સંવત ૧૮૭૮ ની મોટી રેલ, તથા સંવત ૧૮૯૩ ની મોટી આગ તથા રેલથી એ શેહેરને ઘણું નુકસાન પોહોચ્યું છે ને ત્યાર પછી એ પડતી હાલતમાં આવ્યું છે.

સ—સુરત શેહેરમાં અંગ્રેજ સરકારે ક્યારે કોઠી ઘાલી?
જ—સન ૧૬૧૨ માં.
સ—સુરત શેહેરમાં દીવાની તથા ફોજદારી કામના ક્યા ક્યા અધિકારીઓ રહેછે?
જ—નાજર, મુનસફ, પ્રિન્સિપાલ, સદરઅમીન, આસિસ્ટંટ જડજ, જડજ સાહેબ; તેમજ ફોજદાર, મામલતદાર, પોલીસ સુપ્રિનટેન્ડેન્ટ, શેહેર સુધરાઈ ખાતાના સેક્રટરી, હજુર દીપુટી કલેક્ટર, દીસ્ત્રીક્ટ દીપુટી કલેક્ટર; આસિસ્ટંટ કલેક્ટર, અને કલેક્ટર સાહેબ પણ રેહેછે.
સ—ઉપલા અધિકારીઓ શિવાય એમાં બીજી કઈ કઈ સરકારી આફીસો છે, તથા એમાં વેપારના ક્યાં ક્યાં કારખાના છે?
જ—એમાં એકસીક્યુટીવ એનજીનીઅરની આફીસ, મોટી પોષ્ટ આફીસ, સ્માલકાજ કોરટ, તાર આફીસ, અંગ્રેજી તથા ગુજરાતી મોટી નિશાળો, સીટીસરવે આફીસ, દીવાની ફોજદારી જેલ, ફુરજો હોસ્પિટલ અથવા દવાખાનાં, છાપખાનાં ધરમશાળા વગેરે મુકામો તથા આફીસો છે; તે શિવાય સંચાના સુતરથી કાપડ વણવાનું એક મોટું કારખાનું છે.
સ—સુરતનો મુનસફ ક્યા ક્યા પ્રગણાના મુકરદમા ચૂકવે છે?
જ—ચોરાસી, ઓરપાડ, માંડવી, ને બારડોલીના.
સ—સુરતની સ્માલકાજ કોરટમાં કેવી રીતના મુકરદમા ચુકવાયછે?
જ—જંગમ મિલકતને લગતા, રુપિઆ ૧ થી તે પાનસો સુધીના.
સ—સુરત શેહેરનો મોટો કીલ્લો ક્યાં આવેલો છે, ને તેમાં સરકારી કઈ કઈ કચેરી તથા આફીસો આવેલી છે?
જ—તાપી નદી આગળ ડક્કાની પાસે; તેમાં ફોજદાર, મામલતદાર, દીપુટી, કલેક્ટર વગેરેની કચેરી, તથા તે શિવાય તીજોરી

ની; રેવેન્યુ ઝ્રરની, હેડ એકાઉનટંટની, સીટી સરવેની બીજી આફીસો છે.

સ—રાંદેરમા ક્યા ક્યા અમલદાર રેહેછે, તથા તેમાં બીજુ જાણવા લાયક શું શું છે?

જ—એમાં એક ફોજદાર રેહેછે, તથા પોષ્ટ આફીસ, સરકારે અંગ્રેજી તથા ગુજરાતી નિશાળો, દવાખાનું, શેહેર સુધરાઇ ખાતુ, ધર્મશાળા વગેરે બીજી જગાઓ છે.

સ—ચોરાસી પ્રગણામાં મોટાં ગામો ક્યાં આવ્યા છે?

જ—કતારગામ, બાહા, ઉમરા, ને કુંભારીઆ.

સ—ચોરાસી પ્રગણાનાં ક્યા ગામોમાં જાત્રા ભરાય છે?

જ—કતારગામ, ફુલપાડા, ને ભીમપોર (નવાબનું) એ ત્રણ ગામોમાં હર વરસ જાત્રા તથા મેળા ભરાય છે. તેમજ સુરતમાં એક મોટું બાળકૃષ્ણજીનું મંદીર, તથા સ્વામીનારાયણનું મંદીર છે તેથી ત્યાં પણ બહારના ઘણા લોકો જાત્રા સારૂ આવે છે.

સ—એ પ્રગણામાં મીઠ બંદર ક્યા ગામમાં આવ્યું છે, ને ત્યાં કોણ રેહેછે?

જ—મીઠબંદર જીઆવ બુડીઆમાં છે, ત્યાં એક સરકારકુન રેહેછે.

સ—ચોરાસી પ્રગણામાં રેલવેના સ્ટેશનો ક્યાં આવ્યાં છે?

જ—સુરત અને સચીન, ને ત્રીજું મરોલીનું સ્ટેશન છે તે એ પ્રગણાની દક્ષિણે ગાયકવાડીમાં આવ્યુંછે.

સ—ચોરાસી પ્રગણામાં સચીનના નવાબનાં કેટલાં ગામો છે?

જ—૧૭ ગામ; તેમાંના મુખ્ય ઉબનું, પુના, ગવીઅર, ડુમસ, ભેન, ભીમપોર, સચીન, વગટાણું, બાજપોર, કનસાડ વગેરે છે.

સ—એ પ્રગણાની મુખ્ય ઉપજ શું થાય છે?

—જુવારે, તથા કપાસ.

–ચોરાસી પ્રગણાની ઈશાન દિશા તરફ જતાં કયું પ્રગણું આવેછે?

—માંડવી પ્રગણું.

-માંડવી પ્રગણું કેમ થયલું છે?

–માંડવી, તડકેશ્વર, તથા બીજાં ૮ ગામ કુડસદના ભેગાં થઇ માંડવી પ્રગણું થયલું છે.

-માંડવી પ્રગણાની ચારે દિશાએ શું શું આવેલું છે?

-ઉત્તરે ગાયકવાડી વસ્વારી પ્રગણું; પૂર્વે રાજપીપળાનું સંસ્થાન દક્ષિણે તાપીનદી ને બારડોલી પ્રગણું; પશ્ચિમે ગાલા તથા કામરેજ ગાયકવાડી પ્રગણું, ને બીજું ઓરપાડ પ્રગણું.

-માંડવીમાં પેહેલા કયા રાજા રેહેતા હતા, ને તેવારે એ પરરાજ કોણ ચલાવતું હતું?

-એમાં ચારસેં વરસ પહેલાં ભીલ રાજા રેહેતા હતા, તેવારે ઉદેપુરથી રજપૂત રાજા આવેલા તે રાજ કરતા હતા.

માંડવી પ્રગણામાં અંગ્રેજ સરકારની જમી ક્યારે બેઠી, અને હાલ તે કાયમ છે કે નહીં?

એપર સંવત ૧૮૯૮ માં અંગ્રેજ સરકારની જમી બેઠી, પણ હાલ તે બીલકુલ ખાલસા થઈ ગયું છે.

માંડવી પ્રગણાના કેટલા ભાગ કીધા છે?

સાત; માંડવી, બકુધાન, પાતળ, દેવધટ, દધવાડા, હવેલી, ને બારગામા.

એ પ્રગણામાં ડુંગરો ક્યાં ક્યાં આવેલા છે?

એ પ્રગણામાં ઘણા ડુંગરો દેવગઢ ટપ્પામાં છે, ને કેટલા એક પાતળ ટપ્પામાં આવ્યા છે.

સ—માંડવી પ્રગણામાં નદીઓ કઇ કઇ આવી છે?

જ—તાપીનદી દક્ષિણે, ને બીજી વડીસીનદી છે તે તાપીનદીને વરેલી ગામ આગળ મળે છે.

સ—માંડવી પ્રગણામાં મોટા કસબા, તથા ગામો ક્યાં આવ્યાંછે?

જ—મોટો કસબો માંડવી તથા બીજો તડકેશ્વર; એ શિવાય બહુધાન, ગંટોળી મોટાં ગામો છે.

સ—માંડવી કસબામાં કેટલાં માણસની વસ્તી છે, ને તેમાં જાણવા લાયક બીજું શું શું છે?

જ—એમાં આશરે ૫૦૦૦ માણસની વસ્તી છે, ને ત્યાં એક મામલતદાર તથા ફોજદાર રેહેછે, તથા એક મોટી તાલુકા સ્કુલ, પુસ્તકશાળા, પોષ્ટ આફીસ, ને શેહેર સુધરાઇ ખાતું છે.

સ—એ પ્રગણાનું બહુધાન ગામ શાને વાસ્તે નામીચું છે?

જ—એમાં એક માધવનું, તથા એને સામેપાર ગળતેશ્વર માધવનું મોટું દેરૂં છે, ત્યાં બાર બાર વરસે ગોદાવરીની જાત્રાએ મોટી જાત્રા ભરાય છે તેવારે હજારો લોક એગું થાય છે.

સ—માંડવી પ્રગણાનું પાણી કેવું છે, ને એમાં ઘણા ખરા ક્યા લોકોની વસ્તી છે?

જ—સુરત જીલ્લામાં સૌથી એ પ્રગણાનું પાણી ઘણું ખરાબ છે; એમાં દુબળા, નરડા, ચોધરા વગેરે લોકોની વસ્તી ઘણીછે.

સ—માંડવી પ્રગણાની મુખ્ય ઉપજ શું થાય છે?

જ—જુવાર, કોદરા, દીવેલી, ડાંગર, તથા મધ.

સ—માંડવીથી દક્ષિણ તરફ જતાં ક્યું પ્રગણું આવે, ને તે કેમ થયલું છે?

જ—બારડોલી પ્રગણું; તે કડોદ, વાલોડ, સરભોણ મળીને થયલુંછે.

સ—બારડોલી પ્રગણાની ચારે દિશાએ શું શું આવ્યું છે?

જ—ઉત્તરે તાપી નદી તથા માંડવી પ્રગણું; પૂર્વે ગાયકવાડનું રાજ્ય; દક્ષિણે ગાયકવાડી મહુવા, વલવાડા, તથા અંતાપોર પ્રગણાં; ને પશ્ચિમે ગાયકવાડી કામરેજ, બલેશ્વર તથા તેલારા પ્રગણાના ગામો.

સ—બારડોલી પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી છે?

જ—એમાં તાપી નદી ઉત્તરે છે, મધ્યે મીંઢોળા નદી, ને દક્ષિણે પૂરણા નદી છે.

સ—બારડોલી પ્રગણામાં મોટા મોટા કસબા કયા આવ્યા છે?

જ—બારડોલી, કડોદ, મોતા, વાલોડ, વાંકાનેર, ને સરભોણ.

સ—બારડોલી કસબામાં કેટલા માણસની વસ્તી છે, ને તેમાં કોણ રેહેછે, તથા તેમાં બીજુ શું શું છે?

જ—બારડોલી કસબામાં આસરે ૩૫૦૦ માણસની વસ્તી છે, ને મામલતદાર, તથા એક ફોજદાર રેહેછે; તેમજ એક મોટી તાલુકા સ્કુલ તથા પોષ્ટ આફીસ પણ એમાં છે.

સ—બારડોલી પ્રગણાના બીજા કયા કયા કસબામાં મોટી મોટી નિશાળો છે?

જ—કડોદ, મોતા, વાલોડ, બુહારી, વાંકાનેર, ને સરભોણ.

સ—બારડોલી કસબો ક્યાં આવેલો છે?

જ—બારડોલી કસબો મીંઢોળા નદી ઉપર, ગાયકવાડી બલેશ્વર પ્રગણાની હદમાં આવેલો છે.

સ—બારડોલી પ્રગણામાં મોટા ગામો કયા આવ્યા છે?

જ—વરાડ, દેગામ, બુહારી, ને કસવાવ વગેરે.

સ—બારડોલી પ્રગણામાં વાલોડના પાણી કેવા છે, ને તેમાં શું શું છે?

જ—વાલોડના પાણી ઘણા ખરાબ છે, માંડવી પ્રગણાના જેવા વાલોડમાં એક માહાલકરી રેહે છે, તથા એક પોષ્ટ આફીસ પણ છે.

સ—બારડોલીમાં જ્યારે મામલતદારનું થાણું છે, ત્યારે વાલોડમાં જુદો માહાલકરી રાખવાનું કારણ શું ?

જ—બારડોલી પ્રગણું ઘણું મોટું આડફાટું આવ્યું છે, તેથી એની તાબેના દૂરના ગામડા વાળાને બારડોલી આવતાં ઘણી મુશીબત પડે, તેથી વાલોડને બારડોલીનો પેટા માહાલ કરી ત્યાં એક માહાલ કરી નીમ્યો છે.

સ—બારડોલી પ્રગણાની મુખ્ય ઉપજ શું થાય છે ?

જ—ડાંગર, જુવાર, કોદરા, કપાસ, તથા શેરડી વગેરે.

સ—બારડોલી પ્રગણાની નૈરૂત્ય દિશા તરફ કયું પ્રગણું આવ્યું, ને તે કેમ થયલું છે?

જ—જલાલપોર પ્રગણું, તે આગલા સુપા તથા પારચોલ એ બે પ્રગણા મળીને થયલું છે.

સ—જલાલપોર પ્રગણાની ચતુરસીમા બોલો ?

જ—ઉત્તરે પૂરણા નદી, ને ગાયકવાડી મરોલી તથા તેલારા પ્રગણું, પૂર્વે ચીખલી પ્રગણું, ને ગાયકવાડી મહુવા તથા વલવાડા પ્રગણું; દક્ષિણે અંબીકા નદી, તથા ગાયકવાડી ગણદેવી પ્રગણું; ને પશ્ચિમે દરીઓ આવ્યો છે.

સ—જલાલપોર પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી છે?

જ—એમાં બે નદીઓ છે; ઉત્તરે પૂરણા નદી, ને દક્ષિણે અંબીકા નદી, વળી ત્રીજી કનાઈ કરીને નાની નદી એ પ્રગણાની વચમાં આવી છે.

સ—એ પ્રગણામાં મોટા કસબા કયા આવ્યા છે ?

જ—કાળીઆવાડી, તથા જલાલપોર.

સ—કાળીઆવાડી, તથા જલાલપોરમાં જાણવા લાયક શું શું છે?

જ—કાળીઆવાડીમાં એક ફોજદાર રેહેછે ને એક મોટી નિશાળ છે, જલાલપોરમાં મામલતદારનું થાણું તથા એક મોટી નિશાળ છે, ને બંનેમાં પોશ્ટ આફીસ છે.

સ—જલાલપોર પ્રગણામાં મોટા ગામો કયા આવ્યા છે?

જ—મટવાડ, અબ્રામા, અમલસાડ, કછોલી, આટ, ખરસાડ, આટ્ગામ, ને સીમોદ્રા.

સ—એ પ્રગણાનું કછોલી ગામ, તથા બીજા નાના બે ગામ (સોનવાડી ને ધમરાચ્યા) એ શાને વાસ્તે વખણાય છે?

જ—કછોલીનાં સુદ્ધ તળખદા ગોળને સારૂ, સોનવાડી તથા ધમરાચ્યા એ બે ગામ કેળાં તથા ચાંપાને સારૂ.

સ—જલાલપોર પ્રગણામાં કાળીઆવાડીની ઉત્તર તરફ જતાં એક મોટો કસબો કયો આવે છે?

જ—નવસારી કસબો, પુરણા નદી ઉપર.

સ—નવસારી કસબામાં જાણવા લાયક શું શું છે?

જ—નવસારી એ ગાયકવાડના તાબામાં છે, એમાં મોટી અંગ્રેજી નિશાળ, છોકરા તથા છોડીઓની ગુજરાતી નિશાળો, મોટી મદ્રેશા, દવાખાનું વગેરે છે; ને એમાં ગાયકવાડ સરકાર તરફથી એક ફોજદાર તથા સુબો રેહેછે.

સ—જલાલપોર પ્રગણામાં સચીનના નવાબના ગામો કયા આવ્યા છે?

જ—વેડછા, કોથા, ને વાસણ.

સ—જલાલપોર પ્રગણામાં મીઠબંદર કયાં છે, ને તેમાં કોણ રેહેછે?

જ—એમાં મીઠબંદર પનાર ગામમાં છે, ત્યાં કસ્ટમ ખાતાના

આંતીલ બાહારીલ દારોગા રેહેછે.

સ—એ પ્રગણામાં રેલવેના સ્ટેશનો ક્યા આવ્યા છે?

જ—એમાં રેલવેના સ્ટેશન ત્રણ છે; નવસારી, અમલસાડ, ને ત્રીજું દક્ષિણ તરફ બીલીમોરાનું સ્ટેશન છે.

સ—એ પ્રગણાની મુખ્ય ઉપજ શું થાય છે?

જ—જુવાર, ડાંગર, શેરડી, તથા કપાસ.

સ—જલાલપોર પ્રગણાથી અગ્નિ દિશા તરફ જતાં કયું પ્રગણું આવેછે?

જ—ચીખલી પ્રગણું.

સ—ચીખલી પ્રગણાની આસપાસ શું શું આવેલું છે?

જ—ઉત્તરે જલાલપોર પ્રગણું, તથા ગાયકવાડી વલસાડ પ્રગણું; પૂર્વે વાંસદા સંસ્થાનનું રાજ્ય; દક્ષિણે ધરમપોરનું રાજ્ય; ને પશ્ચિમે વલસાડ પ્રગણું તથા ગાયકવાડી ગણદેવી પ્રગણું.

સ—ચીખલી પ્રગણામાં નદીઓ કઇ કઇ આવીછે?

જ—અંબીકા નદી ઉત્તરે છે, કાવેરી નદી વચગાળે ચીખલી આગળ છે, ને બીજી ઔરંગા તથા ખરેરા નદી દક્ષિણ દિશા તરફ છે.

સ—ચીખલી પ્રગણામાં મુખ્ય કસબો કયો છે, ને તેમાં કેટલા માણસની વસ્તી છે?

જ—મુખ્ય કસબો ચીખલી, તેમાં આશરે ૩૦૦૦ માણસની વસ્તી છે.

સ—ચીખલી કસબામાં જાણવા લાયક શું શું છે?

જ—એમાં એક મામલતદારનું થાણું, તથા એક ફોજદાર રેહેછે. ને એક પુસ્તકશાળા, પોષ્ટ આફીસ, તથા તાલુકા સ્કુલપણછે.

સ—ચીખલી પ્રગણાની પૂર્વે ગાયકવાડી રાજ્યમાં એક મોટું

જાત્રાનું ગામ કયું આવ્યું છે?

જ—દેવકી ઊનાઈ, તેમાં વરસો વરસ ચઈતર સુદ પુનમે મોટી જાત્રા ભરાય છે.

સ—ચીખલી પ્રગણાની પશ્ચિમ તરફ કયા મોટા ગાયકવાડી કસબા આવેલા છે?

જ—ગણદેવી તથા બીલીમોરા.

સ—ગણદેવી તથા બીલીમોરામાં જાણવાલાયક શું શું છે?

જ—ગણદેવીમાં એક મોટી અંગ્રેજી તથા ગુજરાતી નિશાળ, પોસ્ટઆફીસ, ને દવાખાનું છે; બીલીમોરામાં પણ એક ગુજરાતી નિશાળ, પોસ્ટઆફીસ, તથા દવાખાનું છે.

સ—ચીખલી પ્રગણામાં બીજા મોટા ગામો કયા આવ્યા છે?

જ—દેગામ, એરગામ, આલીપુર, ને ગણદેવી.

સ—ચીખલી પ્રગણાની મુખ્ય પેદાશ શું થાય છે?

જ—કોદરા, ડાંગર, દીવેલી, શેરડી વગેરે.

સ—ચીખલી પ્રગણાની પશ્ચિમ તરફ કયું પ્રગણું આવ્યું?

જ—વલસાડ પ્રગણું.

સ—વલસાડ પ્રગણું કેમ થયલું છે?

જ—વલસાડ તથા આગલું પારનેરા પ્રગણું મળી હાલનું વલસાડ પ્રગણું થયલું છે.

સ—વલસાડ પ્રગણાની ચારો દિશાએ શું શું આવ્યું છે?

જ—ઉત્તરે અંબીકા નદી, ને જલાલપોર તથા ગાયકવાડી ગણદેવી પ્રગણું; પૂર્વે ચીખલી પ્રગણું, તથા ધરમપોરનું રાજ્ય; દક્ષિણે પાર નદી, તથા પારડી પ્રગણું; ને પશ્ચિમે દરીઆ એટલે ખંભાતનું અખાત છે.

સ—વલસાડ પ્રગણામાં નદીઓ કઈ કઈ આવી છે?

જ—એમાં અંબીકા નદી ઉત્તરે, કાવેરી તથા ખરેરા નદી ઈશાન તરફ, ઔરંગા નદી મધ્યે વલસાડ આગળ, અને પાર નદી દક્ષિણે છે.

સ—અંબીકા નદીને બીજું નામ શું કેહે છે?

જ—અંબીકાને બીજુ નામ ગણદેવી વાળી ખાડી કેહેછે.

સ—વલસાડ પ્રગણામાં મોટા કસબા ક્યા ક્યા આવ્યા છે?

જ—વલસાડ, ને પારનેરા.

સ—પારનેરામાં જાણવા લાયક શું આવેલું છે?

જ—પારનેરામાં એક મોટો ડુંગરી કીલ્લો આવેલો છે, તે ગાયકવાડ સરકારે બાંધેલો છે.

સ—વલસાડ એ કેવો કસબો છે, અને અહીંથી વેપાર શી રીતે ચાલે છે?

જ—વલસાડ એ એક મોટું બંદર છે, અહીંથી વેપારનો પુશકળ માલ જેવો કે અનાજ, ગોળ, લાકડાં વગેરે બાહાર દેશાવર ખાતે ચડાવવામાં આવેછે; ને અહીંથી ખલાસીઓ પણ મુંબાઈ, સુરત વગેરે ઠેકાણે વાહાણે ચઢીને જાય છે.

સ—વલસાડ કસબામાં કેટલા માણસની વસ્તી છે, ને તેમાં જાણવા લાયક બીજુ શું શું છે?

જ—વલસાડમાં આસરે ૧૧૩૧૩ માણસની વસ્તી છે; ને એમાં મામલતદારની કચેરી, મુનસફ કોરટ, ફુરજો, દવાખાનું, શેહેર સુધરાઇ ખાતું, અંગ્રેજી તથા ગુજરાતી નિશાળો, પુસ્તક શાળા મોટી પોસ્ટઆફીસ, અને લાકડાવાળા સાહેબનું કારખાનું છે.

સ—વલસાડનો મુનસફ ક્યા ક્યા પ્રગણાના મુકરદમા ચુકવે છે?

જ—જલાલપોર, ચીખલી, વલસાડ, ને પારડી પ્રગણાના.

સ—વલસાડ પ્રગણાના મોટા ગામનાં નામ દો?

જ—બલેલી, ઊંટડી, માળવેણ, બાગડા, ઊંડાચ, બીલડી, કોસંબા, પારનેરા, મગોદ, બગોચ, ચણવાઈ, હરીઆ, ભૂતસર, છરવાડ વગેરે.

સ—એ પ્રગણાના છરવાડ ગામમાં જાણવા લાયક શું છે?

જ—એમાં એક મીઠબંદર છે, ને ત્યાં સરકારકુન રેહે છે.

સ—વલસાડ પ્રગણામાં રેલવેનાં સ્ટેશનો ક્યાં આવ્યાં છે?

જ—ત્રણ: ડુંગરી, વલસાડ, ને હરીઆ.

સ—વલસાડ પ્રગણાની મુખ્ય ઉપજ શું થાય છે?

જ—શેરડી, કપાસ, દીવેલી, કોદરા વગેરે.

સ—વલસાડ પ્રગણાની દક્ષિણે કયું પ્રગણું આવ્યું?

જ—પારડી પ્રગણું.

સ—પારડી પ્રગણું કેમ થયલું છે?

જ—આગલું બગવાડા પ્રગણું હતું તે તોડીને હાલનું પારડી પ્રગણું બનાવ્યું છે.

સ—પારડી પ્રગણાની ચારે દિશાએ શું શું આવ્યું છે?

જ—ઉત્તરે પારનદી તથા વલસાડ પ્રગણું; પૂર્વે ધરમપોરનું રાજ્ય; દક્ષિણે દમ્મણ ગંગાનદી તથા કોકણ પ્રાંતનો થાણા જીલ્લો; ને પશ્ચિમે ખંભાતનું અખાત છે.

સ—પારડી પ્રગણામાં નદીઓ કઇ કઇ આવી છે?

જ—એમાં ઉત્તરે પારનદી, દક્ષિણે દમ્મણ ગંગાનદી, ને ત્રીજી કોલકનદી બગવાડા આગળ છે; એ શિવાય પરીઆલી, બામ, કીથરી વગેરે બીજી ખાડીઓ છે.

સ—પારડી પ્રગણામાં મોટા કસબા કયાં આવ્યા છે?

જ—પારડી, ને બગવાડા.

સ—પારડી આગળ કોને તાબે હતું, ને તેમાં હાલ કેટલાં માણુસની વસ્તી છે?

જ—પારડી એ આગળ માંડવીના રાજાને તાબે હતું, એમાં આશરે ૫૦૦૦ માણુસની વસ્તી છે.

સ—પારડીમાં જાણવા લાયક શું શું છે?

જ—એમાં એક મામલતદાર રેહેછે તેની કચેરી કીલ્લાપર છે, તથા એક ફોજદાર રેહેછે, ને એક તાલુકા સ્કુલ, દવાખાનું, ને પોષ્ટ હાફીસ છે.

સ—ત્યારે બગવાડામાં જાણવા લાયક શું શું છે?

જ—એમાં એક ડુંગરી કીલ્લો હતો તે હાલ તોડાવી નાંખ્યો છે, માહાલકરીની કચેરી હતી તે કાહાડી નાંખી છે, ને ફકત હાલ એક નિશાળ છે; બગવાડામાં આશરે હજાર માણુસની વસ્તી છે.

સ—પારડી પ્રગણાનાં મોટાં ગામનાં નામ દો?

જ—ઉમરસાડી, કોલક, ઉદવાડા, કુંતા, પરીઆ, ગોઈમા, વટાર, ટુકવાડા, અંબાસ, વાપી, ને પલસાણા.

સ—એ પ્રગણાના ઉમરસાડી ને કોલક ગામ શાને વાસ્તે નામીચાં છે?

જ—એ નાના સરખાં બંદરો જેવાં છે તેથી.

સ—ત્યારે ઉદવાડા ને કુંતાગામ શાને વાસ્તે નામીચાં છે?

જ—ઉદવાડામાં પારસી લોકોનું મોટું પુરાતન દેવળ છે, તેથી ઘણા પારસી લોકો હર વખત ત્યાં જાત્રા સારૂ આવે છે, વળી એમાં હાલ એક દવાખાનું નિકળ્યું છે; ને કુંતાગામમાં પુરજા ખાતાના ઇનસ્પેકટર રેહેછે તથા ત્યાં હર વરસ

બે માસ સુધી કુંતેશ્વર માહાદેવની જાત્રા ભરાય છે તેથી એ બંનો ગામ પ્રખ્યાત છે.

સ—પારડી પ્રગણામાં રેલવેના સ્ટેશનો કયા આવ્યા છે?

જ—ત્રણ છે; પારડી, ઉદવાડા, ને વાપી એટલે દમ્મણ જવાનું સ્ટેશન.

સ—પારડી પ્રગણું સુરત જીલ્લામાં સૌથી કઈ દિશાએ આવ્યું છે, ને એની નૈરૃત્ય દિશાએ કયું પ્રગણું છે?

જ—એ પ્રગણું સુરત જીલ્લામાં સૌથી દક્ષિણે છે, એની નૈરૃત્ય તરફ દમ્મણ પ્રગણું આવેલું છે.

સ—દમ્મણ કોને તાબે છે, તેમાં કોણ રેહેછે, ને તેમાં જાણવા લાયક બીજું શું છે?

જ—દમ્મણ ફીરંગીઓને તાબે છે, તેમાં તેમના તરફથી એક ગવરનર રેહેછે, ને એક અંગ્રેજી તથા ગુજરાતી નિશાળ છે.

સ—દમ્મણ કેટલા છે ને તે કઈ નદી ઉપર આવેલા છે?

જ—દમ્મણ બે છે, નાનું દમ્મણ ને મોટું દમ્મણ. નાનું દમ્મણ દમ્મણ ગંગા નદીની દક્ષિણે, ને મોટું દમ્મણ દમ્મણ ગંગા નદીની ઉત્તરે છે.

સ—પારડી પ્રગણામાં મુખ્ય પાક શાનો થાય છે?

જ—ડાંગર, કોદ્રા, દીવેલી, શેરડી, ખરસવ વગેરે.

સ—સુરત જીલ્લામાં સચીન, વાંસદા ને ધરમપોર સંસ્થાનના દેશી રાજ્યો છે, તેની દર એકની વસ્તી કેટલીછે?

જ—સચીન સંસ્થાનની ૧૭૧૦૩, વાંસદા સંસ્થાનની ૩૨૧૫૪, અને ધરમપોર સંસ્થાનની ૭૪૫૯૨; કુલ્લે બધી મળી ૧,૨૩,૮૪૯ માણસની વસ્તી છે.

સુરત જીલ્લાનું ક્ષેત્રફળ વસ્તી વગેરે.

પ્રગણાં.	ક્ષેત્રફળ ચોરસ માઇલ	ગામ.	પ્રગણાની વસ્તી.	એક ચોરસ માઇલે કેટલી વસ્તી.
ઓરપાડ.	૩૫૫	૧૨૦	૬૬,૨૫૬	૧૮૭
ચોરાસી.	૬૭	૬૪	૪૮,૪૩૫	૭૨૩
માંડવી.	૧૭૨	૧૩૮	૪૮,૩૬૭	૨૮૧
બારડોલી.	૨૬૧	૧૨૪	૭૭,૫૦૦	૨૯૭
જલાલપોર	૧૮૪	૬૧	૭૦,૧૧૨	૩૮૧
ચીખલી.	૧૬૭	૬૩	૫૯,૩૧૨	૩૫૫
વલસાડ.	૨૧૭	૬૬	૭૮,૨૦૭	૩૬૦
પારડી.	૧૬૨	૮૧	૫૧,૭૪૯	૩૧૯
સુરત શેહેર.	૩	——	૧,૦૭૧૪૯	૩૫૭૧૬
	૧૫૮૮	૭૭૭	૬,૦૭,૦૮૭.	

સુરત જીલ્લાનું ક્ષેત્રફળ ૧૫૮૮ ચોરસ માઇલ, ને વસ્તી ૬,૦૭,૦૮૭ માણસની છે.

એ જીલ્લામાં ૭૭૭ ગામો વસ્તી વાળાછે, તે શિવાય બીજા ૮૧ ગામ વસ્તી વગરના (નાનાં ગામડાં) છે, એટલે બધા મળી કુલ ૮૫૮ એ જીલ્લામાં ગામો આવેલા છે.

એ જીલ્લામાં બધા મળી ઘરો ૧,૩૭,૬૧૩ આવેલાં છે.

દિશાઓ.

સ—છોકરાઓ બોલો તો દિશાઓ કેટલી છે?

જ—દિશાઓ ચાર છે; ઉત્તર, દક્ષિણ, પૂર્વ, ને પશ્ચિમ.

સ—દિશાઓ કેમ પારખવી તે તમે જાણો છો ?

જ—હાજી, સૂરજ ઉપરથી. સૂરજ ન દેખાતો હોય તો ધ્રુવના તારા ઉપરથી; અને તે તારો પણ નહીં દેખાતો હોય તો વાહાણના હોકા યંત્રથી.

સ—પૂર્વ અને પશ્ચિમ દિશા કેમ જાણવી ?

જ—જેણી ગમ રોજ સૂરજ ઉગતો હોય તે પૂર્વ દિશા અને રોજ સાંજે સૂરજ આથમતો હોય તે પશ્ચિમ દિશા જાણવી.

સ—ત્યારે ઉત્તર અને દક્ષિણ દિશા કેમ જણાએ ?

જ—આપણે પૂર્વ દિશા તરફ મોં કરીને ઉભા રહીએ તો જેણી ગમ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર, અને જેણી ગમ જમણો હાથ આવે તે દક્ષિણ દિશા.

સ—ત્યારે હોકા યંત્ર અને ધ્રુવના તારાએ કરીને દિશા શી રીતે જણાય છે ?

જ—હોકાયંત્ર એટલે વાહાણનો હુકો, તે મોટા વાહાણોમાં ખલાસી લોકો રાખેછે તે અંધારી રાતે તેમને બહુ કામ લાગેછે. તે હોકા યંત્રની સોય હમેશાં ઉત્તર દિશા તરફજ રેહેછે, તેમ ધ્રૂવનો તારો એ હંમેશાં ઉત્તર દિશાએજ ઉગેછે; એ રીતે ઉત્તર દિશા જણાય તો પછી બીજી દિશા જાણવી સેહેલ છે. એટલું યાદ રાખવું કે ઉત્તરની સામેની દક્ષિણ દિશા, અને પૂર્વની સામી પશ્ચિમ દિશા છે.

સ—ત્યારે નકશો સામો ટાંગ્યે તેની ચારો દિશા કેમ જણાય છે?
જ—નકશા સામા અનો સીધો મૂક્યો તો જે ઉપલો ભાગ આવ્યો તે ઉત્તર દિશા, નીચલો ભાગ લબડતો રહ્યો તે દક્ષિણ દિશા, નકસા સામા ઉભા ને જેણી ગમ જમણો હાથ આવે તે પૂર્વ દિશા, ને જેણી ગમ ડાબો હાથ આવે તે પશ્ચિમ દિશા જાણવી.

(ભૂગોળની વ્યાખ્યા.)

સ—છોકરાઓ તમે નકશા જોયોછે, નકશા એટલે શું?
જ—હાજી, નકસા એટલે આખી પૃથ્વી કે તેનો કોઈક ભાગ કે દેશ કે શેહેર વગેરેનો ચિત્રથી જે નમુનો કાઢેલો તે.
સ—સીમાડો, સડક, અને રેલવે એટલે શું?
જ—સીમાડો એટલે સીમા અથવા હદ, સડક એટલે કાચો બાંધેલો રસ્તો, અને રેલવે એટલે લોઢાની સડકનો પાકો બાંધેલો રસ્તો.
સ—ગામ એટલે શું?
જ—જ્યાં કે થોડાંક જથા બંધ ઘરની વસ્તી હોય તે.
સ—ત્યારે ગામડું કોને કહીએ?
જ—જ્યાં કે ઘણાંજ થોડાં ઝુપડાં જેવા ઘરની વસ્તી હોય તે.
સ—કસબો કોને કહીએ?
જ—પ્રગણાનું જે સૌથી મોટું ગામ તેને કસબો કેહે છે.
સ—શેહેર કોને કહીએ?
જ—જ્યાં કે મોટા મોટા છાબંધ ને ઘણાં હારબંધ ઘરો બાંધેલા

હોય. અને સારાં સારાં ચૌટાં તથા બજાર હોય, અને તે-
માં ઘણાં ઘરાં ને ફળીઆં હોય તે શેહેર.

સ—પ્રગણું એટલે શું?

જ—જેમાં નાના નાના ગામો ઘણા આવી તેનો એક તાલુકો
બંધાયલો તે.

સ—ત્યારે તાલુકો એટલે શું?

જ—તાલુકો એટલે માહાલ, અથવા જે પ્રગણું કરીને કેહેવાયછે તે.

સ—જીલ્લો એટલે શું?

જ—જીલ્લો એટલે જે ઘણાએક પ્રગણાં અથવા તાલુકા મળીને
થયલો તે.

સ—નદી કોને કહીએ?

જ—જે પાણીનો ધોધ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળી-
ને ઢળતી જગ્યામાં થઇને સમુદ્રને મળેછે તે.

સ—નદીનું મૂળ અને મુખ તે શું?

જ—જે પર્વત કે સરોવરમાંથી નદી નીકળેછે તે ઠેકાણાને મૂળ
અને જ્યાં નદી દરીઆને મળેછે તે ઠેકાણાને મુખ કેહેછે.

સ—ત્યારે ખાડી કોને કેહેછે?

જ—દરીઆને મળવાની આગમજ ભરતીનું પાણી માંહે આવે
એવું નદીનું મુખ જે પોહોળું થાયછે તેને ખાડી કેહેછે.

સ—દરીઓ કોને કેહેછે?

જ—માહાસાગર કરતાં જે નાનો પાણીનો ભાગ તે.

સ—તળાવ કોને કેહેછે?

જ—તળાવ એટલે નાનું સરોવર, અથવા જે નાનો પાણીનો
ભાગ ચોતરફ જમીનથી વીટાયલો તે.

સ—બેટ કોને કહીએ ?

જ—ચોતરફ ફરતું પાણી, ને વચમાં જે જમીનનો ભાગ તે બેટ.

સ—બંદર એટલે શું ?

જ—નદી કે દરીઆ કાંઠે વેપારના મથકનું જે શેહેર અથવા કસબો આવેલો તે બંદર.

સ—ડુંગર, પાહાડ, અને પર્વત એટલે શું ?

જ—જમીન ઉપર જે મોટા ઊંચા ટેકરા હોય તે ડુંગર; એવા એવા ઘણા ડુંગર સાથે જોડાઇને પૃથ્વીની સપાટીથી ઘણા ઊંચા ગયલા તે પાહાડ; અને એવા એવા ઊંચા પાહાડ જોડાઇને સાથે લાંબા પથરાયલા તેને પર્વત કેહેછે.

ખબર.

આથી ખબર આપવામાં આવેછે કે, સુરત જીલ્લાની ભુગોળ, ગુજરાતી સાતે ચોપડીના જુદા જુદા અર્થો, અંગ્રેજી સીરીસના મીનીંગો તથા તમામ તરજુમાઓ, તમામ વારતાની ચોપડીઓ, ભજનસંગ્રહ, ઈશ્વર પ્રાર્થના માળા, સાબુનકુની લડાઈ, નરશઈ મેતાના પીતાજીનું શ્રાદ્ધ, મામેરૂ, નળાખ્યાન, સર્વ જાતનાં ગાયનો, અંગ્રેજી ગુજરાતી સીરીસો, વગેરે આંકની ચોપડી, ફોર્મો, અને તમામ બીજી જાતની બધી ચોપડીઓ સુરતમાં શા. લલુભાઈ જમનાદાસ બુકસેલરના મોટા રસ્તાપરની બુક ડેપામાંથી વેચાતી મળશે.

વગેરે બધી જાતના બુકસેલર પાસેથી વેચાતી મળશે. એ ચોપડીઓના મંગાવનારે મહેરબાની કરવી હોય તો નીચે સહી કરનારને પોસ્ટપેડ કાગળ લખી જણાવી કરવો. જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે.

લલુભાઈ જમનાદાસ બુકસેલર.
ફળાપીઠના પુલ પાસે નવી સડકપર,